


## પાલનપુરમાં ૭૧ દિવસ બાદ મોટાભાગના એટીએમ બંધ હાલતમા,સ્થાનિકો પરેશાન

નોટબંધી ના નિર્ણય ને ૭૧ દિવસો વીતી ગયા છે તેમ છતાં નાણાકીય સમસ્યા હળવી થતી નથી જિલ્લા અને તાલુકા સેન્ટરોમાં મોટાભાગના એટીએમ બંધ હાલતમાં રહે છે જયારે જિલ્લા ના ગ્રામીણ વિસ્તાર માં પશુપાલકો ને પૂરતા નાણાં મળતા નથી આવી સ્થિતિ વચ્ચે તાજેતર માં રિઝર્વ બેન્ક એ એટીએમ માંથી નાણા ઉપાડવાની મર્યાદા ૧૦ હજાર કરી હતી જો કે આજે પણ જિલ્લા મથક પાલનપુર શહેરમાં માં ૩૦ જેટલા એટીમ બંધ હાલત માં જોવા મળ્યા હતા અને ખુલ્લા એટીમ આગળ લોકો ની કતારો જોવા મળી હતી જ્યાંથી ૧૦ હજાર પુરા નાણા નહિ મળતા હોવાની ફરિયાદ ઉઠી રહી છે જો કે નોટબંધી ૭૧ દિવસ જેટલા વિતવા છતાં નાણાકીય છૂટ નહી થવાના લીધે હાલ માં બજારો માં પણ ધંધા રોજગાર ધીમી ગતિ ચાલી રહયા છે.



આજે સાંજ નાં સુમારે અંબાજી નજીક હડાદ ગામ પાસે ફોર્ચુનર કાર અને અલ્ટો કાર ધડાકા ભેર અથડાતાં ઘમખવાર અકસ્માત સર્જાયો છે જેમાં બે વ્યક્તીઓ નાં સ્થળ ઉપર જ્યારે એક સારવાર અર્થે ખસેડાતા મોંત નિપજેલ છે. અને ૭ જેટલાં ઘાયલ વ્યક્તીઓ ને અંબાજી, હડાદ અને ખેડબ્રહ્મા ખસેડાયેલ છે. મરનાર વ્યક્તીઓ માં ૧. મનસુખ ભાઈ ગમાર, જે હિંમતનગર ની સીવીલ હોસ્પિટલ માં ફાર્માસીસ્ટ તરીકે ફરજ બજાવતો હતો. જ્યારે બે વ્યક્તીઓ ની હજી ઓળખ થવા પામેલ નથી જેની તપાસ હડાદ પોલીસ કરી રહી છે.

## ગાંધીનગર ખાતે નિવૃત સૈનિક રેલી અને મેડીકલ કેમ્પ યોજાશે

મહેસાણા, તા.૧૮

ગાંધીનગર ચીલોડા મિલટ્રી કેમ્પ ખાતે ૨૨ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૦૯-૦૦ કલાકે નિવૃત સૈનિક રેલી અને મેડ઼ીકલ કેમ્પ યોજાનાર છે. ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને ખેડા જિલ્લાના નિવૃત સૈનિકો, વીરનારીઓનું સન્માન કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ સમસ્યાઓનું નિવારણ પણ થનાર છે. આ રેલીમાં પી.સી.ડીએ પેન્શન અલ્હાબાદ જુદા જુદા દફતરી અધિકારીઓ, ઈ.સી.એચ.એસ કેન્ટીન, સી.આઈ.એમ.એમ સરકારી તિજોરી, નેવી, એરફોર્સ, વેટરન સેલના પ્રતિનિધિઓ પુર્વ સૈનિકોને લગતી સમસ્યાઓના નિવારણ માટે આવનાર છે.

મેડીકલ કેમ્પમાં કાર્ડિયોલોજી, ઓર્થોપેડીક, સ્ત્રીરોગ, ચામડીના રોગ, કાન, નાક, ગળા, દાંત, ગેસ્ટ્રોલોજી, આંખ સહિત વિવિધ રોગોનું નિદાન તેમજ ઈ.સી.જી. લેબોરેટરી, મોબાઈલ લેબોટરી એકસરે સહિતની સુવિધા મળનાર છે. આ કેમ્પમાં ભાગ લેવા માટે મહેસાણા જિલ્લા માટે પ્રજાપતિ વિઠ્ઠલભાઈ આર.-એક્સ આર્મી મો-૯૮૨૫૦૨૫૫૦૭, કેપ્ટન એસ.વી ઠાકોર(નિવૃત) મો ૯૯૭૮૧૪૯૧૧૫ પર સંપર્ક સાધવાનો રહેશે. આ ઉપરાંત રેલી અને મેડીકલ કેમ્પમાં આવન-જાવન માટે વાહનની વિના મુલ્યે વ્યવસ્થા કરેલ છે તેમ પ્રમુખ જિલ્લા સૈનિક વેલફેર એસોસિએશનની અખબારી યાદીમાં જણાવાયું છે.



## ટીમ મીડિયા અંબાજી મંદિરમા - સાથે ઉપ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ

આજે ગુજરાતના ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અંબાજીની મુલાકાતે આવ્યા હતા અને તેમને અંબાજી મંદિરમા દર્શન કરી મીડિયાની ખાસ મુલાકાત આપી હતી અને મીડિયાને જણાવ્યુ હતુ કે અંબાજીથી છેક વિસનગરનો માર્ગ ફોર લેન બનવાની શરૂઆત ટુંક સમયમા થશે ત્યારબાદ અંબાજીથી હિંમતનગરનો માર્ગ પણ ફોર લેન બનશે ત્યારબાદ આબુરોડથી અંબાજીના માર્ગનો સર્વે હાથ ધરાશે.

## વિસનગર તાલુકાના કડા ગામે સાર્વજનિક પુસ્તકાલયનો શતાબ્દી મહોત્સવ યોજાયો

મહેસાણા, તા.૧૮

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કડા ગામે સાર્વજનિક પુસ્તકાલયનો શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવ પ્રસંગે રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીના હસ્તે પુસ્તકાલયના નવીન મકાનનું લોકાર્પણ કરાયું હતું.



વાંચનાલય માણસના જીવનમાં આમુલ પરિવર્તન લાવે છે. વાંચનાલય થકી જીવનનો સાર્વત્રિક વિકાસ થાય છે. મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના કડા ગામે સાર્વજનિક પુસ્તકાલયના નવીન મકાનના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ જણાવ્યું હતું કે ગામમાં વાંચનાલય હોવું મહત્વની બાબત છે. કડા ખાતે ૧૯૧૨માં શરૂ થયેલ પુસ્તકાલયે તેના સો વર્ષ પુર્ણ કર્યા છે. વાંચનાલય જ્ઞાન પ્રાપ્તિ અને માનસિક વિકાસનું સાધન છે. વ્યક્તિએ પોતાના જીવન વિકાસ માટે વાંચનાલયોને પોતાનો મિત્ર બનાવવા જોઈએ. વાંચનાલયો વિશ્વ વિદ્યાલયોની ગરજ સારે છે તેમ જણાવ્યું હતું.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે વાંચનાલયથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે. વ્યકિતની જ્ઞાન પ્રાપ્તિની જીવીસા સંતોષવાનું કામ પુસ્તકાલયો દ્વારા થઈ રહ્યું છે. ઉત્તમ નાગરિકોના નિર્માણ માટે બાળકોમાં વાંચનની પ્રવૃતિ કેળવવી જોઈએ. જીવનનું સૌથી મોટું ધન જ્ઞાન છે જે સારા પુસ્તકોમાંથી મળે છે તેમ જણાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે પુસ્તકોના માધ્યમથી જ્ઞાનસંગ્રહ દ્વારા શિક્ષણ, યશ, જ્ઞાન અને સમૃધ્ધિ તથા કિર્તી પ્રાપ્ત કરી શકાય છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત પુર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે જણાવ્યું હતું કે બાળકોનું ઘડતર, વિચારોમાં પરિવર્તન, બૌધ્ધિક વિકાસ માટે વાંચનાલયો ખુબ જ જરૂરી છે. રાજ્ય સરકાર બાળકોને ગુણવત્તાવાળું ઉત્તમ શિક્ષણ મળે તે દિશામાં હમેશાં પ્રયત્નશીલ રહ્યું છે. રાજ્યમાં ૩૪ હજારથી વધુ પ્રાથમિક શાળાઓ અને ૫૨ હજારથી વધુ આંગણવાડીઓમાં બાળકોને જ્ઞાન સાથે આરોગ્યનું ધ્યાન રાખવામાં આવે છે. ઉત્તમ શિક્ષણ માટે પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓથી રાજ્યની શાળાઓને સજ્જ કરાઈ છે. પુસ્તકો જ્ઞાનનો ખજાનો છે પુસ્તકો ખરીદવા, વાંચવાની ટેવ પાડવા અપીલ કરી હતી.

કડા ગામના સામાજિક કાર્યકર ડો મફતલાલ પટેલે સાર્વજનિક પુસ્તકાલયના નિર્માણમાં યોગદાન આપનાર દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. કાર્યક્રમમાં સાત પુસ્તકો પ્રગતિ, મોહન માસ્તર, દરિયાલાલની કૃપા, અમેરીકાનો પ્રવાસ, નેપાળનો પ્રવાસ, સાચી અંજલી અને ફંકશનલ ઈગ્લીંશ ગ્રામરનું વિમોચન કરાયું હતું.

કાર્યક્રમમાં જિલ્લા કલેકટર આલોક કુમાર, જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.લાંગા, જિલ્લા પોલીસ અધિક્ષક ચૈતન્ય મંડલિક, જયેશભાઈ પટેલ, ગ્રંથાલય નિયામક સહિત અધિકારીઓ, સાર્વજનિક પુસ્તકાલના ટ્રસ્ટીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં પતંગોનું પર્વ મકર સંક્રાંતિની ઠેર ઠેર ભારે ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. સહુ કોઈ આ ધાબાઓ, મેદાનો અને ખુલ્લી જગ્યાઓમાં પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો. પૂર્વ શિક્ષણ પ્રધાન જયસિંહ ચૌહાણ પણ પોતાના પરિવાર, સ્નેહીઓ સાથે પતંગ ચગાવી રહ્યા છે. આવો માહોલ બંને જિલ્લાઓમાં જોવા મળ્યો હતો.

## પ્રાંતિજના રામાનંદાચાર્યજીની જન્મ જયંતિ નિમિત્તે સેમિનાર યોજાયો

પ્રાંતિજ, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ કોલેજ ખાતે ભારતીય સંત પરંપરા અને સામાજિક સમરસતા અને રાષ્ટ્રીય સેમિનાર યોજાયો હતો.

પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ કોલેજ ખાતે જગદગુરૂ શ્રી રામાનંદાચાર્યજીની ૭૧૭ મી જયંતિ પ્રસંગે મંગલોદય સેવા પ્રતિષ્ઠાન દ્વારા આયોજીત નેશનલ સેમિનાર યોજાયો હતો. જેમાં ડાૅ. સ્વામી ગોરાંગ શરળદેવાચાર્ય સહિત મહંતો મહાનુભાવો ઉપસ્થિત





પ.પૂ.મહામંડલેશ્વર મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, સાંસદ દિપસિંહ રાઠોડ, વિનોદભાઈ, મનીષભાઈ શાહ, ગીતાબેન શાહ, રહ્યાં હતાં અને દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને આવનાર મહંતો મહેમાનોનું ફુલહાર તથા શાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને સંતો મહંતો દ્વારા શ્રી રામાનંદાચાર્યજીની રાહે ચાલવાનું કર્યું હતું.

જયારે આખુંય કેમ્પસ ભક્તિમય બની ગયુ હતું જયારે સમગ્ર કાર્યક્રમનું આયોજન મહંત સુનીલદાસજી તથા ડાૅ. કામેશ્વરપ્રસાદ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે ગોવિંદભાઈ પટેલ, નટુભાઈ બારોટ, વિજયભાઈ પટેલ, વ્રજેશભાઈ ભાવસાર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં જયારે કાર્યક્રમનું સફળ સંચાલન ડાૅ. કાન્તીભાઈ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મહેસાણાની કોલેજમાં શૈક્ષણિક સેમિનાર યોજાયો

મહેસાણા, તા. ૧૮

મહેસાણાની સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ ખાતે યુજીસી સ્પોન્સર્ડ નેશનલ સેમિનાર યોજાયો હતો. જેનો વિષય સોફ્ટ સ્કીલ્સ ઈન ટીચર એજ્યુકેશન હતો.

આ સેમિનારમાં ઉપસ્થિત મહાનુભાવો તથા સભ્યોને વિશેષ ટેકનોલોજી ધરાવતા પ્રમાણ પત્રો આપવામાં આવ્યા હતા. જેની ડિઝાઈન કોલેજના અધ્યાપક ડાૅ. પથિક બારોટ અને ડાૅ. પ્રશાંત પરિહાર દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ એવા પ્રમાણપત્ર છે કે જે ખોટો ઉપયોગ નહી થઈ શકે દરેક વ્યક્તિ આ પ્રમાણપત્રની ચકાસણી સરળતાથી જાતે જ કરી શકશે. આપવામાં આવેલા પ્રમાણપત્રો ક્યુઆર કાર્ડ આધારિત છે. આ સેમિનારમાં સરદાર વિદ્યાભવનના ટ્રસ્ટી કે.કે. પટેલ, કુલપતિ ડાૅ. બી.એ. પ્રજાપતિ, ડાૅ. આર.જી. કોઠારી, ડાૅ. ગુરૂદત્ત જપ્પી, સહિત દેશભરમાંથી ૩૫૦ જેટલા ડેલિગેટ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

## પ્રકાશભાઈ ઉપાધ્યાયની આઈએટીએમ (દિલ્હી) નેશનલ એડવાઝર બોર્ડમાં સભ્યપદે નિયુક્તિ

મોડાસા, તા. ૧૮

ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મૂવમેન્ટ દિલ્હીથી



ગુજરાત પ્રદેશ મહામંત્રી પ્રકાશચંદ્ર વિઠ્ઠલદાસ ઉપાધ્યાય (સાકરિયાવાળા)ની નિમણૂંક ઈન્ટરનેશનલ એન્ટી ટેરેરિઝમ મુવમેન્ટ નેશનલ એડવાઝર બોર્ડના મેમ્બર તરીકે આઈ.એ.ટી.એમ. દિલ્હીના ચીફ પેટર્ન, સંસદ સભ્ય, રાષ્ટ્રીય ભાજપના ઉપ પ્રમુખ શ્યામ જાજૂજીની ભલામણથી નેશનલ મહાસચીવ આઈ.એ.ટી.એમ. અમન રાજપૂત ખાન (દિલ્હી) દ્વારા થયેલ છે.

## વડગામની ઉમિયાનગર પ્રાથમિક શાળામાં ગુણોત્સવ સંપન્ન

પાલનપુર, તા.૧૮

ગુણવત્તાયુક્ત શિક્ષણની ચકાસણી માટે સમગ્ર રાજયમાં યોજાયેલ ગુણોત્સવના કાર્યક્રમ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી અમીત અરોરાએ



વડગામ તાલુકાના ઉમિયાનગર-ચિત્રોડા પ્રાથમિક શાળાનું મૂલ્યાંકન કર્યુહતુ. જીલ્લા વિકાસ અધિકારીએ શાળાની મુલાકાત લઈને શૈક્ષણીક, સહઅધ્યન પ્રવૃત્તિઓ સહિત ગુણવત્તાની ચકાસણી કરી હતી. ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૨ થી ૫ માં વાંચન, લેખન અને ગણન કરવામાં આવે છે. જયારે ધોરણ-૬ થી ૮માં વિષયવસ્તુ આધારીત લેખિત કસોટી લઈ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે. જીલ્લા વિકાસ અધિકારીએ દરેક કલાસરૂમમાં જઈને બાળકો સાથે રૂબરૂ સંપર્ક કરી, લખાવી, વંચાવી, બ્લેકબોર્ડમાં દાખલા ગણાવીને તેમજ પ્રશ્નો પુછીને ગુણવત્તાની ચકાસણી કરી હતી.

આ પ્રસંગે જીલ્લા વિકાસ અધિકારીએ સરપંચ, અગ્રણીઓ, વાલીઓ અને શિક્ષકોને સંબોધતા કહ્યુ કે બાળકો આત્મવિશ્વાસ અને રસપૂર્વક ઉચ્ચ શિક્ષણ સુધી ભણી ઉજ્જવળ કારકીર્દી બનાવે તેવું તેમનું ઘડતર કરીએ. તેમણે કહ્યુ કે બાળકોને ઉચ્ચ શિક્ષણ સુધી જરૂર ભણાવીએ. તેમણે વિદ્યાર્થીઓનો ભણવામાં ઉત્સાહ વધે તથા તેઓ આત્મવિશ્વાસપૂર્વક આગળ વધે તે માટે સુંદર માર્ગદર્શન આપ્યુ હતું. જીલ્લા વિકાસ અધિકારીએ કહ્યું કે બાળકોને નિયમિત શાળાએ મોકલી તેમના અભ્યાસની પુરતી કાળજી લઈએ. તેમણે બાળકોના શ્રેષ્ઠ ઘડતર માટે શિક્ષકોને સારૂ માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી.



પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને કેવું શિક્ષણ મળે છે તેની ચકાસણી માટે સમગ્ર રાજયમાં ગુણોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. ગુણવત્તાયુક્ત શિક્ષણની ચકાસણી સાથે યોજાયેલ ત્રિદીવસીય ગુણોત્સવ કાર્યક્રમ આજે તા.૧૮ ના રોજ સંપન્ન થયો છે. ગુણોત્સવ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા કલેકટર જેનુ દેવને દાંતા તાલુકાની અંતરીયાળ દલપુરા-૨ પ્રાથમિક શાળાનું મૂલ્યાંકન કર્યુ હતુ.